

# પરિષદ-પાથેય

સંકલન : રાજેન્દ્ર પટેલ

## નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન

ગુજરાતી સાહિત્ય પરિષદના ક.લા. સ્વાધ્યાયમંદિર હસ્તક શ્રી બી.કે. મજુમદાર ટ્રસ્ટ પ્રકાશનશ્રેણી અંતર્ગત નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે નવોદિત લેખકો/લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા ૧૫૦ની રહેશે. હસ્તપ્રતની ટાઈપકોપી મોકલવી. હસ્તપ્રત તા. **૩૦-૬-૨૦૧૨** સુધીમાં મોકલી આપવા વિનંતી. હસ્તપ્રત મોકલવાનું સરનામું – પ્રકાશન મંત્રીશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦૦૦૯.

## ગુજરાત યુનિવર્સિટી માન્ય પત્રકારત્વ અને અનુવાદના અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા ગુજરાત યુનિવર્સિટી માન્ય છ-માસિક પત્રકારત્વ અને અનુવાદના પ્રમાણપત્ર અભ્યાસક્રમ વર્ગોનું સત્ર ૧૫ જૂન, ૨૦૧૨થી શરૂ થશે. અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તાત્કાલિક સંપર્ક કરવો. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. વર્ગો સોમવાર અને મંગળવારે સાંજના ૫.૦૦થી ૭.૦૦ના સમય દરમિયાન લેવાશે.

પ્રવેશ માટેની યોગ્યતા : કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતક (બી.એ.) સંપર્કસૂત્ર કાર્યાલય (૦૭૯) ૨૬૫૮૭૯૪૭ શ્રી ચન્દ્રકાન્ત ભાવસાર (મો.) ૯૫૩૭૬ ૭૧૦૭૩ ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સની પાછળ, નદીકિનારે, આશ્રમ રોડ, અમદાવાદ પો.બો. નં. ૪૦૬૦

## માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત સંવર્ધન કેન્દ્ર અને ક.લા. સ્વાધ્યાયમંદિર દ્વારા 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર' અભ્યાસક્રમનું આયોજન તા. ૨૫-૬-૨૦૧૨થી ૧૮-૭-૨૦૧૨ દરમિયાન કરવામાં આવ્યું છે. એકવીસ દિવસના આ અભ્યાસક્રમમાં શ્રવણકૌશલ, વાક્કૌશલ, વાચનકૌશલ તથા લેખનકૌશલની સજ્જતા કેળવાય તે અભિગમથી વિવિધ વ્યાખ્યાનો યોજવામાં આવે છે, જેમાં કોઈ પણ ભાષારસિક-ભાષાજિજ્ઞાસુ વયભેદ કે વ્યવસાયભેદ વગર જોડાઈ શકે છે. તેની ફી ૩૦૦/- રૂપિયા રાખવામાં આવી છે. વર્ગોનો સમય સાંજે ૫.૦૦થી ૬.૩૦ (સોમવારથી શનિવાર) રહેશે. રસ ધરાવનારે પરિષદ કાર્યાલયમાં ૫ જૂન, ૨૦૧૨ સુધીમાં ફૉર્મ ફી ભરી જવા વિનંતી છે.

## માતૃભાષા પ્રબોધ

માતૃભાષા સંવર્ધન કેન્દ્ર, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ૨૧ ફેબ્રુઆરી 'વિશ્વ માતૃભાષા

દિન'ના રોજ 'માતૃભાષા ભાષાપ્રબોધ' પત્રિકાનું વિમોચન થયું. આ પત્રિકાના વર્ષમાં ચાર અંક પ્રગટ થશે. જેની વિગતો નીચે પ્રમાણે છે. 'માતૃભાષાપ્રબોધ' : સં. પિંકી યજ્ઞેશ પંડ્યા વાર્ષિક લવાજમ : ૬૦/- રૂપિયા, છૂટક નકલ : ૨૦/- રૂપિયા 'માતૃભાષાપ્રબોધ'નું લવાજમ ભરવા અથવા નકલ મેળવવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદનો સંપર્ક સાધવો.

## રવીન્દ્ર મહોત્સવ

ગુજરાતી સાહિત્ય પરિષદે ટાગોર કોમોમેરેશન ગ્રાન્ટ સ્કીમ, મિનિસ્ટ્રી ઑફ કલ્ચર, ભારત સરકાર, ઉદયપુરના સૌજન્યથી કવિવર રવીન્દ્રનાથની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે તા. ૨ મેથી ૭ મે સુધી રવીન્દ્ર મહોત્સવનું આયોજન પરિષદભવનમાં કર્યું હતું. આ રવીન્દ્ર મહોત્સવમાં તા. ૨-૩ મે ૨૦૧૨ના રોજ બે દિવસમાં પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદમાં ચાર બેઠકો રાખવામાં આવી હતી.

ઉદ્‌ઘાટન-બેઠક તા. ૨-૫-૨૦૧૨ના રોજ નિરંજન ભગતની અધ્યક્ષતામાં રાજેન્દ્ર પટેલે સૌનું સ્વાગત કર્યું હતું અને પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી. ઇન્દ્રનાથ ચૌધરીએ 'પ્રતિભાપુરુષ રવીન્દ્રનાથ' વિશેના વક્તવ્યમાં રવીન્દ્રનાથનાં ઘડતરપરિબળો અને સર્જનાત્મક સાહિત્યની વિશદ ચર્ચા કરી હતી. અધ્યક્ષીય વક્તવ્યમાં નિરંજન ભગતે રવીન્દ્રનાથ ટાગોરનાં સાહિત્યમાં દુ:ખ અને મૃત્યુ વિશેનાં ચિંતનની વિગતે ચર્ચા કરી હતી.

પરિસંવાદની 'કવિ રવીન્દ્રનાથ' વિશેની પ્રથમ બેઠક ચંદ્રકાન્ત શેઠની અધ્યક્ષતામાં યોજાઈ હતી. રાજેશ પંડ્યાએ 'રવીન્દ્રનાથની કવિતા' વિશેના વક્તવ્યમાં રવીન્દ્રનાથ ટાગોરની કવિતાની વિશેષતા ચીંધી આપી હતી. જેમાં પ્રકૃતિ, પ્રણય અને આધ્યાત્મિક કવિતાની ચર્ચા કરી હતી. તેમની કવિતામાં છંદોની ચર્ચા પણ કરી હતી. શૈલેશ પારેખે રવીન્દ્રનાથનાં ત્રણ નાટ્યકાવ્યો, 'ગાંધારી', 'કર્ણ-કુંતીસંવાદ'ની ઉદાહરણસહિત ચર્ચા કરી હતી. સુજ્ઞા શાહે 'રવીન્દ્રનાથનાં ગીતો' વિશે વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમનાં ગીતોનો કેવો પ્રતિભાવ છે અને કેટલા લોકોએ તેમનાં ગીતોમાં રવીન્દ્રસંગીત માણ્યું છે તેની મુદ્દાસર ચર્ચા કરી હતી. ચંદ્રકાન્ત શેઠે અધ્યક્ષીય વક્તવ્યમાં રવીન્દ્રનાથ ટાગોરની કવિતામાં રહેલી સત્યતાની વાત કરી હતી.

પરિસંવાદની 'નાટ્યકાર રવીન્દ્રનાથ' બીજી બેઠક જેમાં મહેશ ચંપકલાલે 'ડાકઘર', પરેશ નાયકે 'રક્તકરબી', સતીશ વ્યાસે 'મુક્તધારા' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. અધ્યક્ષીય વક્તવ્યમાં રઘુવીર ચૌધરીએ રવીન્દ્રનાથ ટાગોરનાં 'ચિત્રાગંદા', 'અચલાયતન' વગેરે નાટકોની ચર્ચા કરી હતી. ઉપરોક્ત ત્રણેય વક્તાઓએ રવીન્દ્રનાથ ટાગોરની નાટ્યકાર, અભિનય અને રંગમંચની વિશે પણ વક્તવ્યમાં ચર્ચા કરી હતી.

પરિસંવાદની ત્રીજી બેઠક 'નવલકથાકાર રવીન્દ્રનાથ' વિશે ભોળાભાઈ પટેલની અધ્યક્ષતામાં શિરીષ પંચાલે 'ગોરા' વિશે વિશદ ચર્ચા કરી હતી. જેમાં નાયક કઈ જાતિનો છે; તે છેલ્લે આવે છે તે વાચકને પહેલાં ખબર પડી ગઈ હોત તો નવલકથાવાચકને નવલકથા કેવી લાગી હોત એવા પ્રશ્નો કરીને વક્તવ્ય રસપ્રદ બનાવ્યું હતું. અનિલા દલાલે 'ઘરે બાહિરે'માં

ત્રણ પાત્રોની પ્રણયત્રિકોણની વાત કરી હતી જેમાં નિખિલ સત્યવાદી છે. સંદીપ અસત્યવાદી છે. નાયિકા ઘરમાં અતિથિ તરીકે આવેલા સંદીપ પ્રત્યે આકર્ષિત થાય છે અને ઉમેર્યું હતું કે 'ઘરે બાહિરે'ની મુખ્ય ભૂમિકા સ્વદેશી આંદોલન છે. પણ પછી સત્ય બહાર આવે છે. નરોત્તમ પલાણે 'ચાર અધ્યાય' નવલકથાની ચર્ચા કરી હતી જેમાં તેણે દૃશ્યાત્મકતાની વાત કરી હતી તેમજ નવલકથાના અનુવાદની પણ ચર્ચા કરી હતી અને કહ્યું હતું કે વ્યક્તિપ્રેમ વિરુદ્ધ દેશપ્રેમ તેમની બધી જ નવલકથાઓમાં આવે છે અને દેશપ્રેમ જીતી જાય છે. રવીન્દ્રનાથ ટાગોરમાં ભોળાભાઈ પટેલે અધ્યક્ષીય વક્તવ્યમાં નવલકથાસંદર્ભે રવીન્દ્રનાથ ટાગોરની નવલકથાઓ અને અન્ય ભારતીય નવલકથાઓ વિશેની ચર્ચા કરી હતી.

પરિસંવાદની ચોથી બેઠક 'ગુજરાતી સાહિત્ય અને રવીન્દ્રનાથ' વિશે રમણ સોનીની અધ્યક્ષતામાં હતી. જેમાં પ્રસાદ બ્રહ્મભટ્ટે 'રવીન્દ્રનાથના ગુજરાતીમાં અનુવાદો' વિશે વક્તવ્ય આપ્યું હતું. જેમાં ગીતાંજલિના વિવિધ અનુવાદોની ચર્ચા કરી હતી. પ્રફુલ્લ રાવલે 'ગુજરાતી સાહિત્ય પર રવીન્દ્રનાથનો પ્રભાવ' વિશેના વક્તવ્યમાં સુરેશ જોશી, ઉમાશંકર જોશી, મહાદેવભાઈ દેસાઈ, નિરંજન ભગત, ભોળાભાઈ પટેલ, નગીનદાસ પારેખ વગેરેનાં ઉદાહરણો આપીને વિશદ ચર્ચા કરી હતી. રમણ સોનીએ નિરંજન ભગત, દિલીપકુમાર રૉય વગેરે મહાનુભાવોનાં ઉદાહરણો આપીને ગુજરાતી સાહિત્યમાં રવીન્દ્રનાથ ટાગોરનો પ્રભાવ કઈ રીતે ઝિલાયો તેની સોદાહરણ ચર્ચા કરી હતી. રાજેન્દ્ર પટેલે પરિસંવાદની સફળતાની ખુશી વ્યક્ત કરી સમાપન કર્યું હતું. આ બે દિવસના પરિસંવાદમાં ભાવકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદ બધાને જ રવીન્દ્રમય બનાવનારો બની રહ્યો. તા. ૪-૫-૨૦૧૨ના રોજ રવીન્દ્રનાથ પરની અને રવીન્દ્રકૃતિ પરની 'ફિલ્મ પ્રસ્તુતિ'નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તપનસિંહ-દિગ્દર્શિત 'ક્ષુધિત પાષાણ' ભાવકોએ રસપૂર્વક નિહાળી હતી. તા. ૫-૫-૨૦૧૨ના રોજ અદિતિ દેસાઈ–દિગ્દર્શિત 'અચલાયતન' નાટ્યપ્રસ્તુતિ થઈ હતી. જેમાં અચલાયતનની રૂઢિ કઈ રીતે તૂટે છે તેની અનેક કલાકારો સરસ અભિનયથી કરેલી રજૂઆતે નાટ્યરસિકોને ખૂબ જ આનંદિત કર્યા હતા. રઘુવીર ચૌધરીએ નાટકના કલાકારો અને અદિતિ દેસાઈને અભિનંદન આપીને આભાર વ્યક્ત કર્યો હતો. ૬-૫-૨૦૧૨ના રોજ સાંજે ૭.૦૦ વાગ્યે જયંતિ ઘોષે 'રવીન્દ્રસંગીત : પ્રસ્તુતિ' કરી હતી. જેમાં રવીન્દ્રનાથનાં નાટકમાં આવતાં કાવ્યોને રમણીય રીતે પ્રસ્તુત કર્યાં હતાં. ૭-૫-૨૦૧૨ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદપ્રકાશિત 'રવીન્દ્ર-સંચયિતા' અને 'રવીન્દ્ર-વિવેચન' આ બે પુસ્તકોનું પ્રકાશન ઉપલબ્ધ કરવામાં આવ્યું હતું. પ્રકાશનમંત્રી પ્રફુલ્લ રાવલે ભૂમિકા બાંધી આપી હતી. નિરંજન ભગતે રવીન્દ્રનાથ ટાગોર વિશે વિશદ વ્યાખ્યાન આપ્યું હતું. પ્રમુખ ભોળાભાઈ પટેલે રવીન્દ્રનાથ ટાગોરની મુખ્ય લાક્ષણિકતાઓ ચીંધી આપી હતી. રાજેન્દ્ર પટેલે અંતે સમગ્ર પરિસંવાદમાં સહભાગી થનારા સૌનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

– ઇતુભાઈ કુરકુટિયા

□

## પરિષદના આગામી કાર્યક્રમો

## (સ્થળ : ગુજરાતી સાહિત્ય પરિષદ)

| | |
|---|---|
| પાક્ષિકી | |
| સંયોજક : દીવાન ઠાકોર | તા. ૭-૬-૨૦૧૨, ગુરુવાર સાંજે ૬.૦૦ કલાકે શ્રી સાગર શાહ 'સાહિત્ય સફળ' ટૂંકી વાર્તાનું પઠન. |
| | તા. ૨૧-૬-૨૦૧૨, ગુરુવાર સાંજે ૬.૦૦ કલાકે શ્રી અભિમન્યુ આચાર્ય મૌલિક વાર્તાનું પઠન કરશે. |
| | તા. ૫-૭-૨૦૧૨, ગુરુવાર સાંજે ૬.૦૦ કલાકે શ્રી નિર્મળા મેકવાન 'વહેરામણ' વાર્તાનું પઠન કરશે. |
| ગ્રંથ સાથે ગોઠડી<br>સંયોજક : હરીશ ખત્રી,<br>ઇતુભાઈ કુરકુટિયા | તા. ૮-૬-૨૦૧૨, શુક્રવાર સાંજે ૬.૦૦ કલાકે શ્રી રાજુલ આઝાદ યુનેશ મોદી, રાહુલકુમાર, આલોક કોઠારીકૃત 'ધ ગેમ ચેન્જર્સ' પુસ્તકનો આસ્વાદ કરાવશે. |
| દલિત સાહિત્યવિમર્શ<br>સંયોજક : ચંદુ મહેરિયા | તા. ૨૩-૬-૨૦૧૨, શનિવારે સાંજે ૫.૩૦ કલાકે પ્રિયંકા કલ્પિતના કાવ્યસંગ્રહ 'ઘસરકો' વિશે ડૉ. દિલીપ ચાવડાનું વક્તવ્ય. પ્રા. યશવન્ત વાઘેલાના અધ્યક્ષસ્થાને રહેશે. |
| વિશ્વકવિતા કેન્દ્ર : | તા. ૬-૧૩-૨૦-૨૭, બુધવાર સાંજે ૭.૦૦ કલાકે બુધસભા |
| અનુવાદ–અભિમુખતા<br>સંયોજક : રૂપા શેઠ | તા.૧૨-૬-૨૦૧૨, મંગળવારે સાંજે ૬.૦૦ કલાકે શ્રી ચિનુ મોદી નાટક અને અનુવાદ વિશે વાત કરશે. |
| નવોદિત સર્જક સાથે સંવાદ<br>સંયોજક : ધ્વનિલ પારેખ | તા. ૧૬-૬-૨૦૧૨, શનિવારે સાંજે ૫.૦૦ કલાકે નવોદિત સર્જક- સંવાદ થશે. |

### વિનંતી

મે ૨૦૧૨ના 'પરબ'ના અંકમાં સાહિત્ય અકાદમીની જે જાહેરાત આવી છે તે અંગે નીચેના સરનામે વ્યવહાર કરવા વિનંતી.

ગુજરાત સાહિત્ય અકાદમી,
અભિલેખાગાર ભવન, સેક્ટર-૧૭,
ગાંધીનગર-૩૮૨૦૧૭

# પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગે :**

$\frac{1}{15750}$ ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

$\frac{1}{15750}$ ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.

$\frac{1}{15750}$ ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.

$\frac{1}{15750}$ વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.

$\frac{1}{15750}$ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.

$\frac{1}{15750}$ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.

$\frac{1}{15750}$ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)

$\frac{1}{15750}$ ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

**લેખકોને :**

$\frac{1}{15750}$ ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

$\frac{1}{15750}$ લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા D૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.

$\frac{1}{15750}$ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**

$\frac{1}{15750}$**પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯